ભુકંપગ્રસ્ત વિસ્તારોમાં અનાથ બાળકો માટે
પાલક માતા પિતા યોજના શરુ કરવા તથા
સહાયના દર વધારવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક :- અનથ/૧૦૨૦૦૧/૫૦૯(૧)છ,૧
સચિવાલય,ગાંધીનગર.
તા.૨-૩-૨૦૦૧

વંચાણે લીધા :- (૧) સ.ક. અને આ.વિ.વિભાગનો ઠ.ક્ર.બીસીએ/૧૦૭૮/૧૭૫૫/છ તા.૨૬-૧૨-૭૮
(૨) સા.ન્યા.અને અ.વિભાગનો ઠ.ક.અનથ/૧૫૯૮/૨૧૮૬/છ,૧ તા. ૨૦-૮-૯૯
(3) નિયામકશ્રી, સ.સુ.નો પત્ર નં.જબક/પા.માતાપિતા/૪/૨૦૦૦-૦૧/ તા.૨૨-૨-૨૦૦૧

ઠરાવ :-

આમુખમાં ક્ર(૧) આગળ જણાવેલ ઠરાવથી આ યોજના અમલમાં છે. વિભાગના ક્ર(૨)આગળ જણાવેલ ઠરાવથી આ યોજના બે લાખથી વધુ વસ્તી ધરાવતા રાજયના ૬ (છ) શહેરોમાં અમલી બનાવી સહાયના દર રૂા.૩૫૦/-બાળક દીઠ માસિક સહાય આપવા મંજુરી આપવામાં આવેલ હતી.

૨/- તાજેતરમાં રાજયમાં આવેલ વિનાશક ભૂકંપને કારણે રાજયના અસરગ્રસ્ત જિલ્લાઓમાં અનાથ નિરાધાર બનેલ બાળકોના શિક્ષણ, આરોગ્ય તથા નિભાવ અંગે પ્રવર્તમાન મોંઘવારીને લક્ષમાં લઈ સહાયના દર વધારવા તથા યોજનાનો વ્યાપ વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩/- પુખ્ત વિચારણાને અંતે પાલક માતાપિતાની યોજના હેઠળ બાળક દીઠ રૂા.૩૫૦/-ના માસિક સહાયના દરમાં વધારો કરી બાળક દીઠ રૂા.૫૦૦/- (અંકે રુપિયા પાંચસો) કરવાનું ઠરાવવામાં આવે છે. તથા રાજયના ૬ (મોટા શહેરો- અમદાવાદ, વડોદરા,સુરત રાજકોટ,ભાવનગર,જામનગર શહેરો ઉપરાંત ભૂકંપગ્રસ્ત થયેલ અન્ય જિલ્લાઓના નીચે જણાવેલ ૧૭ તાલુકાઓનો સમાવેશ કરવાનો રહેશે.

૧.ભુજ.૨.અંજાર ૩.ભચાઉ ૪.રાપર ૫.ગાંધીધામ ૬.માળીયા-મીયાણા. ૭.જોડીયા ૮.મોરબી ૯.હળવદ ૧૦.ધાંગધ્રા. ૧૧.સુરેન્દ્રનગર ૧૨.દસ્કોઈ ૧૩.સમી.૧૪.પાટડી ૧૫.રાધનપુર ૧૬.સાંતલપુર ૧૭.વાંકાનેર.

૪/- આ યોજના માટેનું ચાલુ માસ એટલે કે માર્ચ-૨૦૦૧નું ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષની ફાળવેલ ગ્રાન્ટમાંથી થનાર બચતમાંથી મેળવવાનુ રહેશે. તથા આગામી અંદાજપત્રમાં નવી બાબત રજૂ કરી જોગવાઈ મેળવવાની રહેશે.

૫/- આ યોજનાની અન્ય શરતો યથાવત રહે છે. પાલક માતા-પિતાની યોજનાનું અમલીકરણ બરાબર થાય તે માટે જે તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી ધ્વારા દર ત્રણ માસે મુલાકાત લઈને આ યોજનાના અમલીકરણનું મુલ્યાંકન કરી તેનો અહેવાલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાને રજુ કરવાનો રહેશે.

૬/- આ અંગેનો ખર્ચ અંદાજપત્રના ।।મુખ્ય સદર-૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ ,ગૌણ સદર -૧૦૨-બાળ કલ્યાણ પેટા સદર (૫) - એસસીડબલ્યુ-૬ બાળ ગુનેગાર શ..ગા પાલક માતાપિતા યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

૭/- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૭-૨-૨૦૦૧ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે...

જી.બી.પટેલ.
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી,
ચીફ કો.ઓડીનેટરશ્રી, ભુકંપ રાહત કચ્છ-ભુજ.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,ગુ.રા.અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
નિવાસી ઓડિટ ઓફિસર, અમદાવાદ.
નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા)નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ.
બજેટ શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સિલેકટ ફાઈલ.

//રમેશ.૭-૩-૨૦૦૧//